# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૧૮/૯/૨૦૨૦

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'હાઉ ટુ રિસ્ટ્રક્ચર એમ.એસ.એમ.ઇ. એન્ડ અધર લોન્સ?' વિશે વેબિનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ 'હાઉ ટુ રિસ્ટ્રક્ચર એમ.એસ.એમ.ઇ. એન્ડ અધર લોન્સ?' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે સુરતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ગોપાલ પી. ધકાણે આર.બી.આઇ.ના ૬ ઓગષ્ટ ૨૦૨૦ના સર્ક્યુલરના સંદર્ભમાં બેન્કો દ્વારા લોનધારકને રિસ્ટ્રકચરીંગ તેમજ રિઝોલ્યુશન પ્લાનનો લાભ કઇ રીતે મળી શકે તેની વિસ્તૃત સમજણ આપી હતી.

સીએ ગોપાલ ધકાણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૮થી ૨૦૨૦ દરમિયાન ચારથી પાંચ વખત આર.બી.આઇ.ના સર્ક્યુલર જાહેર થયા છે પરંતુ લોનધારકને એમ.એસ.એમ.ઇ. રિસ્ટ્રકચરીંગનો લાભ માત્ર એક જ વખત મળી શકે છે. લોનધારકની રૂપિયા ૨૫ કરોડથી ઓછી લોન હોય તો જ એમ.એસ.એમ.ઇ. રિસ્ટ્રકચરીંગનો લાભ લઇ શકાય છે. આ સંદર્ભમાં બેન્કોએ પાંચ ટકા પ્રોવિઝન કરવાનું હોય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રિઝોલ્યુશન પ્લાનમાં પર્સનલ અને તે સિવાયના લોનધારક તેનો લાભ લઇ શકે છે. પર્સનલ લોનમાં સામાન્યપણે બેન્કો દ્વારા આપવામાં આવતી રીટેલ લોનનો સમાવેશ થાય છે. આ સંદર્ભમાં બેન્કોએ દસ ટકા પ્રોવિઝન કરવાનું હોય છે. રિઝોલ્યુશનના પ્લાન બાબતે બેન્કો દ્વારા લોનધારકને મોરેટોરિયમ માટે વધુમાં વધુ બે વર્ષનો સમયગાળો આપવામાં આવશે. તેમણે વધુમાં કહયું કે, બેન્કો દ્વારા પર્સનલ લોનનું

અમલીકરણ તા. ૩૧ માર્ચ ૨૦૨૧ સુધીમાં કરવાનું રહેશે. જ્યારે તે સિવાયની અન્ય લોનમાં તા. ૨૯ જૂન ૨૦૨૧ સુધીમાં અમલીકરણ કરવાનું રહેશે.

ચેમ્બરની મેનેજિંગ કમિટિના સભ્ય મનીષ કાપડીયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે ડો. જયના ભકતાએ સમગ્ર વેબિનારનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની મેનેજિંગ કમિટિના સભ્ય પરેશ લાઠીયાએ વકતાનો પરિચય આપ્યો હતો. અંતે વેસ્ટર્ન ઇન્ડિયા રિજનલ કાઉન્સિલ ઓફ ધી ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા, સુરત બ્રાન્ચના ચેરમેન ઇશ્વર જીવાણીએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.